**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૮ એપ્રિલ ૨૦૧૩**

## ઉપરાષ્ટ્રપતિ ના હસ્તે ૬ રાજયની ૧૦ કુષ્ઠસેવક મહિલાનો સત્કાર સમારંભ

**મુંબઈ,સોમવાર :** કુષ્ઠપીડિતોની સ્વયંભૂ કુષ્ઠવસાહતોમાં રહેનારી છ રાજયમાંની દસ કુષ્ઠસેવક મહિલા કાર્યકર્તાઓનો સત્કાર ઉપરાષ્ટ્રપતી શ્રી મો.હામિદ અંસારી ના હસ્તે પુના ખાતે આંતરરાષ્ટ્રીય કુષ્ઠનિવારણ સંસ્થા--આરોગ્ય સંધાન ના વતી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિશેષ અતિથી તરીકે રાજયપાલ શ્રી કે. શંકરનારાયણન્ અને રાજય સરકારની વતી આદિવાસી વિકાસ રાજય પ્રધાન શ્રી રાજેંદ્ર ગાવિત, પુના ના મેયર શ્રીમતી વૈશાલી બનકર અને સંસ્થાના સંરક્ષક ન્યાયમૂર્તી (નિવૃત્ત) શ્રી ચંદ્રશેખર ધર્માધિકારી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ બુધવાર ૧૦ એપ્રિલનાં ૪ વાગ્યે પુના ખાતે રાજભવન પરિસરમાં 'યશદા' સભાગૃહમાં થશે. આ મુજબની માહિતી સંસ્થાના અધ્યક્ષ અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે આપેલ છે.

કાર્યક્રમ સંબંધે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યુંહતું કે, "કુષ્ઠપીડિત સમાજ એ સામાજીક પરિમાણમાંનો ગરીબ કરતાંયે નીચેની પાયરી પરનાં, સહુથી ઉપેક્ષિત અને તિરસ્કૃત સમાજ છે. તેમાંયે ગામના પાદર ની બહાર સ્વયંભૂ વસાહતોમાં રહેનારા કુષ્ઠપીડિતોની દશા દયનીય હોય છે અને ત્યાંની મહિલાઓની દશા તો વધુપડતી દયનીય હોય છે. આવા સમાજની વસાહતોમાં રહી કુષ્ઠપીડિતોના સક્ષમીકરણ માટે કામ કરનારા છ રાજયોમાં ની દસ મહિલા કાર્યકર્તાઓનો સત્કાર કરવામાં આવશે. તેમના નામો આ પ્રમાણે છે : (૧) શ્રીમતી માયા રણાવરે,કોલ્હાપૂર(મહારાષ્ટ્ર) ,(૨)શ્રીમતી વત્સલા સંગીત, દાપોડી (મહારાષ્ટ્ર), (૩) શ્રીમતી સીતા દેવી, પટના (બિહાર), (૪) શ્રીમતી ભીમબાઈ મરાઠે, વિજાપૂર (કર્ણાટક), (૫)શ્રીમતી બાસમ્મા દેવનૂર, ગુલબર્ગા (કર્ણાટક), (૬)શ્રીમતી નેવિસ મારી,મદુરાઈ (તામિલનાડૂ), (૭)શ્રીમતી સરિતા મારથા, કટક (ઓરિસ્સા), (૮)શ્રીમતી હીરા ભંડારી, ઈંદોર (મધ્ય પ્રદેશ), (૯)શ્રીમતી પાર્વતીબાઈ પ્રેમા સિંહ રતલામ (મધ્યપ્રદેશ), (૧૦) શ્રીમતી કમલાબાઈ ચાંદરાસ, અલ્વાસા (મધ્યપ્રદેશ)."

"આ કુષ્ઠસેવક મહિલા કાર્યકર્તાઓએ અનેક પ્રકારે જે કુષ્ઠપીડિત સમાજની સેવા કરી તેમાં સમાવિષ્ટ ઉલ્લેખનીય કામો આ મુજબના છે : મહિલાઓના સ્વયં સહાયતા જૂથ સ્થાપન કરી તેમને રોજગાર ઉપલબ્ધ કરી આપવા, બકરી અને ભેંસ નો ઉછેર, ખેતી, કુષ્ઠ વસાહતો માટે લોટ અને મસાલાની ચકકીઓ શરૂ કરવી, સિલાઈ શિક્ષણ અને વ્યવસાય, નાના બાળકો ને શીક્ષણ, તબીબી સહાય કરવી, સરકારી યોજના મારફત ઘરો બાંધી આપવા, પાણી - ગટર - પાયવાટ- વીજળી, રાશનકાર્ડ, વગેરે નાગરી સગવડો ઉપલબ્ધ કરાવવી, અંધશ્રધ્ધા નિર્મૂલન તેમજ માનવી હકક બદલ ની જાગૃતી ", આ મુજબની માહિતી પણ શ્રી રામ નાઈકે આપી હતી. કુષ્ઠપીડિત વસ્તી માંજ રહી કામ કરનારા આ મહિલાઓ ના કાર્ય ને સલામ કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ બહેનોનું કામ સર્વ સામાન્ય જનતા સૂધી પહોંચે અને તેમના કામોનું ગૌરવ થાય તે દ્રષ્ટિએ અમારી સંસ્થાએ નેતૃત્વ લીધું છે. યોગ્ય સત્કાર કરવાથી તેમનો અને તેમની સહયોગી મહિલાઓનો ઉત્સાહ પણ દ્વિગુણીત થાય અને કુષ્ઠરોગ નિર્મૂલનનું રાષ્ટ્રીય કાર્ય વધુ ઉત્સાહ સાથે આગળ વધે, તેવી ભાવના આની પાછળ છે.

"દેશના કુષ્ઠપીડિતોની વતી અમે જે વિનંતિ અરજી ૫ ડિસેંબર ૨૦૦૭ ના રોજ રજૂ કરી હતી તે અરજીની તપાસણી કરીને સંસદની વિનંતી અરજી સમિતીએ શિફારસ અહેવાલ ૨૪ ઓકટોબર ૨૦૦૮ ના સંસદ માં રજૂ કર્યો. ત્યારબાદ કૃતી અહેવાલ (ઍકશન ટેકન રિર્પોટ) ૨૨ નવેંબર ૨૦૧૦ ના રજૂ કરવામાં આવ્યો. તે શિફારસ ની અમલ બજાવણી થાય તે માટે ૧૪ સપ્ટેંબર ૨૦૧૧ અને ૧૫ ૨૦૧૨ ના તત્કાલી રાષ્ટ્રપતી શ્રીમતી પ્રતિભા પાટીલ ની સાથે ચર્ચા કરવામાં આવી. તેમજ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન અને ઉપમુખ્યપ્રધાન ની સાથે પણ સમયે-સમયે ચર્ચા કરવામાં આવી. વિનંતી અરજી કર્યા ને પાંચ વર્ષ થઈ ગયાં હોવા છતાંયે તેમાંથી હાલ સૂધી સમાધાનકારક નિર્ણયો લેવાયા નથી," આવો અફસોસ પણ શ્રી રામ નાઈકે વ્યકત કર્યો હતો.

**( કાર્યાલય સચિવ )**